પાલનપુર નજીક ગાંધીનગરની ખાણ ખનીજની ટીમ પર હુમલો

ઓવરલોડ ડમ્પરચાલકોએ હુમલો કરતાં ત્રણ ઇજાગ્રસ્તોને સિવિલમાં ખસેડાયા

પાલનપુર

પાલનપુર- ડીસા હાઈવે પર શુક્રવારે સાંજે ગાંધીનગરની ખાણ ખનીજની ટીમ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ઓવરલોડ ડમ્પર ચાલકોએ બે અધિકારીઓ અને એક સિક્યોરિટી ગાર્ડ સહિત ત્રણ વ્યકિતઓ ઉપર હુમલો કરતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. દરમિયાન ઈજાગ્રસ્તોને પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં પોલીસે એક શખ્સની અટકાયત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતુ.

બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે ગાંધીનગરની ખાણ ખનિજની ફલાઈંગ સ્કવોડ

ટીમ દ્વારા પાલનપુર – ડીસા હાઈવે ઉપર તપાસ હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન અહીંથી પસાર થઈ રહેલા ઓવરલોડ ડમ્પરના ચાલકોએ આ અધિકારીઓ પર અચાનક હિચકારો હુમલો કરી દેતા અને ઈજાઓ પહોંચાડતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. જેમને ઈજાગ્રસ્ત હાલતમાં પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે એક શખ્સની અટકાયત કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ગાંધીનગર ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા પાલનપુર- ડીસા હાઈવે ઉપર ચેકિંગ હાથ ધરાયું હતુ. જ્યાં ચાર વાહનો ઓવરલોડ વહન કરતાં ઝડપાયા હતા. જેમને પોલીસ મથકે લઈ જવાતા હતા. ત્યારે સ્થાનિક તત્વોએ હૂમલો કર્યો હતો. આ ઘટનામાં પાલનપુરના સિક્યુરીટી ગાર્ડ સહિત કર્મચારીઓને ઈજા થવા પામી છે. જેમને સારવાર અપાયા બાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવશે.

ઉત્તર ભારતમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે અઢી ડિગ્રીનો ઘટાડો

જમ્મુ કાશ્મીર તથા હિમાચાલમાં હિમવર્ષાના કારણે ધીમે પગલે શિયાળાનો પ્રારંભ

ઉત્તર ભારતમાં થયેલ હિમવર્ષાના કારણે ઉત્તર ગુજરાતમાં અઢી ડિગ્રીનો ઘટાડો ઘટાડો નોંધાયો છે.શ્રીનગર જમ્મુ કાશ્મીર સહિત હિમાચાલમાં થયેલ હિમવર્ષાને પગલે ધીમી ગતિએ શિયાળાની શરૂઆત થઈ ચૂકી છે. 'મહા' નું સંકટ ટળ્યું છે .ત્યારે છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમા વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર વર્તાઈ છે.જેમાં ઉત્તર પૂર્વીય પવન ફૂંકવાની સાથે શ્રીનગર જમ્મુ કાશ્મીર તથા હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થઈ છે.જેના કારણે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં અઢી ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે .જેના કારણે ધીમા પગલે શિયાળાની શરૂઆત થઈ ચૂકી છે.

ધાનેરામાં કિસાન સંઘ દ્વારા આવેદનપત્ર આપી

ખેડૂતોને તાત્કાલિક પાક વીમા સહાય અને વીજબિલ માફ કરવા માટેની માગણી કરી

ધાનેરા સહિત કેટલાક વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષથી ખેડૂતો ખૂબ જ કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે ૨૦૧૫ અને ૨૦૧૭ નું પુર હોય કે પછી દુષ્કાળ જેવી સ્થિતિ હોય આ વર્ષે પણ લીલા દુષ્કાળ જેવી

સ્થિતિ સર્જાઈ છે અને ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ જવા પામ્યો છે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યું છે ત્યારે આજે ધાનેરામાં કિસાન સંઘ દ્વારા રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને જણાવ્યું હતું કે ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે અને જ્યારે ખેડૂતો પાક ધિરાણ લેવા જાય ત્યારે તેમાંથી પાક વીમા યોજના કાપી લેવામાં આવે છે જે પાક વીમા યોજના સો એ સો ટકા વળતર ખેડૂતોને આપવો અને ખેડૂતોનું બાર મહિનાનો વીજ બિલ પણ માફ કરવું આ વિવિધ મુદ્દાઓની માંગણી સાથે આવેદનપત્ર આપી છે અને ખેડૂતોને સરકાર તાત્કાલિક સહાય ચૂકવે તેવી માંગણી કરી છે.

અરવલ્લી જિલ્લામાં ''માનુ તેડું'' આમંત્રણ પત્રિકાનુ મોડાસામાં સામૈયું કરવામાં આવ્યું

ઉમિયા માતાજી સંસ્થા ઊંઝામાં યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞ માં પધારવા ''માનુ તેડું'' આમંત્રણ પત્રિકા લઈ ઊંઝાથી પધારેલા સ્વયંસેવકો સાથે આમંત્રણ પત્રિકાનુ મોડાસા ખાતે સંગઠન સમિતિના ચેરમેન પ્રવિણભાઈ પટેલ તથા અરવલ્લી જિલ્લા સંગઠન સમિતિના કન્વીનર સંજયભાઈ પટેલ તથા તાલુકાના કન્વીનર આશિષભાઈ શહેર કન્વીનર શશીકાંતભાઈ તથા બાયડ ક.પા. સમાજમાંથી પધારેલા હોદ્દેદારો ડી.એન. પટેલ, મનહરભાઈ પટેલ, જિલ્લા સહકન્વીનર ભરતભાઈ, કો.ઓર્ડીનેટર શંકરભાઈ, બાયડ તાલુકા કન્વીનર જીતુભાઈ તથા મોડાસીયા વીસગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ આર.પી. પટેલ તથા ઉમિયા પરીવારના પ્રમુખ દિલીપભાઈ, મંત્રી મોહનભાઈ, શહેરમાંથી પધારેલા સમાજના અગ્રણી એસ.આર. પટેલ, અમૃતભાઈ તથા કોદરભાઈ, સમરસતા મંચના પ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ તથા તમામ સમિતીના હોદ્દેદારો અને સમાજમાંથી પધારેલા વડીલો યુવાનો અને બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આમંત્રણ પત્રિકાનુ મા ઉમિયાના જય ઘોષ સાથે સામૈયું કર્યુ અને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઈયળોના ઉપદ્રવથી પાન રહીત બનતા દિવેલાના પાકમાં ઉત્પાદનમાં થતી ઘટ

પાટણ, તા. ૮

પાટણ જિલ્લામાં ચાલુ સાલે સારા વરસાદના કારણે જિલ્લાના ખેડૂતો દ્વારા મોટા પ્રમાણમાં દિવેલાનું વાવેતર કરવામાં આવ્યું છે. સાંતલપુર તાલુકામાં મઢુત્રા આજુબાજુના વિસ્તારમાં આ પાકમાં ઘોડિયા ઈયળ નામની જીવાતનો ઉપદ્રવ જોવા મળેલ છે. જેનો નાશ ન કરવામાં આવે તો ઉત્પાદનમાં ઘટ પડવાની સંભાવના છે. જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા આ જીવાતના નિયંત્રણ હેતુ વિવિધ ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. ગરમ અને ભેજવાળું વાતાવરણ હોવાના કારણે દિવેલાના પાકમાં ઘોડિયા ઈયળ નામની જીવાતનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ ઈયળો પાનની નસો સિવાય બીજો તમામ લીલો ભાગ ખાઈ પાનને ઝાંખરા જેવા બનાવી દે છે. જેના કારણે જો સમયસર આ ઈયળોનો નાશ ન કરવામાં આવે તો છોડ પાન રહિત બને છે અને ઉત્પાદનમાં ઘટ પડે છે.

જિલ્લાના ખેડૂતોને ઘોડિયા ઈયળોના ઉપદ્રવથી બચવા અને ઓછા ખર્ચે નિયંત્રણ માટે તેને હાથ વડે વીણી લેવી તેમજ ખેતરમાં પક્ષીઓ બેસી શકે તે મુજબ લાકડીના ટેકા મુકવા જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આ ઉપરાંત ઈયળોની અવસ્થા મોટી હોય તો રાસાયણીક દવાના છંટકાવ દ્વારા તેના પર નિયંત્રણ લાવવા એક પંપમાં ૩૦ મી.લી. ક્વિનાલફોસ (૦.૦૫ ટકા) અથવા ૩૦ મી.લી. કલોરપાયરીફોસ (૦.૦૪ ટકા) અથવા એમાબેક્ટીન બેન્ઝોએટ (૦૫ ટકા) ઘન એક પંપમાં ૩ થી ૪ ગ્રામ દવા પાણીમાં ઓગાળી ઉભા પાકમાં ૧૫ દિવસના અંતરે બે વાર છંટકાવ કરવો. શક્ય હોય ત્યાં સુધી સવાર કે સાંજના સમયે દવાનો છંટકાવ કરવો વધુ હિતાવહ છે.

દિવેલાના પાકમાં યોગ્ય માત્રામાં અને સમયાંતરે દવાઓના છંટકાવ દ્વારા દિવેલાના પાકને થતું નુકશાન અટકાવી ઉત્પાદન જાળવી રાખવા જિલ્લાના ખેડૂતોને ખેતીવાડી વિભાગ દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવી રહેલ છે. વધુ માહિતી માટે ગ્રામ સેવકનો તથા કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી નમ્બર ૧૮૦૦૧૮૦૧૫૫૧ ઉપર સંપર્ક કરવા ખેડૂતોને અનુરોધ કર્યો છે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

ઉબર ડિસેમ્બર સુધીમાં રાજકોટ અને વાપીમાં ઓટો રીક્ષા સર્વિસ શરુ કરશે

રાજકોટ,તા.૮

પર્સનલ મોબિલિટી કંપની ઉબર ગુજરાત ખાતે પોતાની સર્વિસ વધારવા સક્રિય બની છે. આ માટે કંપનીએ આ વર્ષે ડિસેમ્બર અંત સુધીમાં રાજકોટ અને વાપીમાં ઓટો સર્વિસ શરુ કરવાની યોજના બનાવી છે. ઉબરે ૪ નવેમ્બરના રોજ રાજયમાં મહેસાણા, આણંદ અને નડિયાદમાં સર્વિસ શરુ કરી છે. કંપનીએ ગુજરાતમાં ચાર વર્ષ પહેલા અમદાવાદથી કેબ સર્વિસ શરુ કરી હતી અને બે વર્ષ પહેલા ઓટો સર્વિસ શરુ કરી હતી. ઉબર ઈન્ડિયા એસએ રાઈડશેરિંગના હેડ ઓફ વેસ્ટ ક્રિષ્ના વીર સિંઘે જણાવ્યું હતું કે, આ વર્ષે ઉબર ઓટો ટ્રીપ્સમાં ૨.૫ ગણાની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે અને હવે ભારતમાં અમદાવાદ ઉબર માટે ૧૦,૦૦૦થી વધુ ડ્રાઈવર-પાર્ટનર્સ સાથે ૧૦મું સૌથી મોટું માર્કેટ છે.

ક્રિષ્ના વીર સિંઘે જણાવ્યું હતું કે, ગુજરાતમાં એકલા અમદાવાદમાં જ અમારી મહીને ૧૦ લાખથી વધુની રાઈડ્સ થાય છે. અનુકૂળ પીક-અપ વિકલ્પો, સરળ રાઈડ્સ અને ડિજિટલ પેમેન્ટના વિકલ્પોને કારણે ઉબર ઓટો શહેરમાં મુસાફરો માટે મુસાફરીનો લોકપ્રિય વિકલ્પ બન્યું છે. આ વર્ષની શરૂઆતમાં સુરત અને વડોદરામાં તેના લોન્ચ બાદ કંપનીને સારો પ્રતિસાદ મળ્યો છે.

ઉતાવળિયા પરિક્રમાર્થીઓને ગીર જંગલમાં ઘૂસવુ ભારે પડ્યું, ઉઠક-બેઠક કરાવી

જુનાગઢ,તા.૮

જુનાગઢના ગિરનારમાં દર વર્ષે યોજાતી લીલી પરિક્રમા યાત્રિઓના ધસારાને પગલે શરૂ કરી દેવામાં આવી છે. ભવનાથમાં પરિક્રમાર્થીઓનો ધસારો વધતા સરકારી તંત્ર અને વન વિભાગે રાત્રે ૧૨ના ટકોરે ઈટવા દરવાજો ખુલ્લો મૂક્યો હતો. ત્યારે ઉતાવળિયા પરિક્રમાર્થીઓ સામે વન વિભાગે લાલ આંખ કરી હતી. સમય પહેલા જ ગીર અભ્યારણ્યમાં પ્રવેશ કરનાર મુસાફરોને ઉઠકબેઠક કરાવી હતી.

ગિરનાર પરિક્રમાની શરૂઆત પહેલા જ કેટલાક ઉતાવળિયા પરિક્રમાર્થીઓએ ચઢવાનું શરૂ કરી દીધું હતું. જેને કારણે સ્થાનિક તંત્રને મેનેજમેન્ટમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે ઉતાવળિયા પરિક્રમાર્થીઓને વન વિભાગે બરાબરનો પાઠ ભણાવ્યો હતો. નિયત સમય પહેલા ગિરનાર સેન્ચુરીમાં પ્રવેશ કરનાર યાત્રિકોને વન વિભાગે ઉઠક બેઠક કરાવી હતી. મોજશોખ કરવા વહેલા ગિર જંગલમાં ઘૂસેલા યુવકોને ઊઠક બેઠક કરાવી હતી. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે.

તો સાથે જ ૨૨ જેટલા પરિક્રમાર્થીઓને વન વિભાગે દંડ ફાટકાર્યો હતો. આ તમામ પરિક્રમાર્થીઓ ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશના હતા. જેઓને ૧૦૦૦ રૂપિયા દંડ પેઠે ચૂકવવા પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગિરનાર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી પ્રતિબંધિત જંગલ છે. માત્ર પરંપરાગત પરિક્રમા માટે જ પ્રવેશની નિયત દિવસોમાં મંજૂરી અપાય છે. પરંતુ કેટલાક ઉતાવળિયા લોકો વહેલા જંગલમાં પ્રવેશ કરે છે, જેથી વન વિભાગ આવા લોકોને દંડ કરે છે.

ગુજરાતમાં ૧૫૭૫૭ મહિલા ટેલિફોન સતામણીનો શિકાર

અમદાવાદમાં મહિલાઓને મોટી સંખ્યામાં ટેલિફોન પર સતામણીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં જ જારી કરવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં અમદાવાદમાં ૩૪૧૦થી વધુ મહિલાઓને ટેલિફોન ઉપર સતામણીનો સામનો કરવાની ફરજ પડી છે. અમદાવાદની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૮માં ૯૫૩ મહિલાઓને ટેલિફોનિક સતામણીનો સામનો કરવાની ફરજ પડી હતી જ્યારે ૨૦૧૯માં આ આંકડો ૬૪૮નો રહ્યો છે. ગુજરાતના અન્ય જિલ્લાઓની સરખામણીમાં અમદાવાદમાં આંકડો સૌથી વધારે રહ્યો છે.

ઈન્ડોનેશિયામાં મિસ ઇન્ટરનેશનલ ઇન્ડિયા સ્પર્ધા-૨૦૧૯માં

અરવલ્લી જિલ્લાની દીકરી કેયા વાજા ગુજરાતને રિપ્રેઝન્ટ કરશે

ભિલોડા, તા. ૮

અરવલ્લી જીલ્લાની દીકરીઓ અનેકક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ડંકો વગાડી રહી છે. જીલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તાર એવા ભિલોડાના

માકરોડા ગામની કેયા વાજા મિસ ઈન્ડિયા-૨૦૧૯ સ્પર્ધામાં બેસ્ટ વોક અને બેસ્ટ કોન્ફિડન્સ ક્ષેત્રે અદભુત પ્રદર્શન કરતા એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. ઈન્ડોનેશિયા ખાતે યોજાનાર મિસ ઈન્ટરનેશનલ સ્પર્ધા-૨૦૧૯માં ગુજરાત રાજયને રિપ્રેઝન્ટ કરી વિજેતા બનવા તૈયારીઓ હાથ ધરી છે.

કેયા વાજાએ મોડલિંગ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા અને પોતાની સુંદરતા નીખારવા તેણીએ અનેક ચઢાવો ચડ્યા અને મીસ ઈન્ડીયાનુ મુકામ સુધી પણ પહોચી ગઈ હતી પરંતુ મીસ ઈન્ડીયાના ખિતાબથી દુર રહી ગઈ અને હાલ મીસ ઈન્ડીયા ઈન્ટરનેશનલ ૨૦૧૯માં ભાગ લેવા તત્પર બની છે.

મોડેલીંગ ક્ષેત્રે છેલ્લા બે વર્ષથી કામ કરતી કેયા વાજાએ ગુજરાતનું નામ રોશન કર્યું છે. ૨૨ વર્ષિય કયા વાજા અરવલ્લી જીલ્લાના ભીલોડા ગામની છે અને તાજેતરમાં તેમણે ૨૦૧૯ મીસ ઈન્ડિયામાં ભાગ લીધો હતો. તેમાં બેસ્ટ વોક અને બેસ્ટ કોન્ફીડન્સનો એવોર્ડ મેળવ્યો હતો. ઈન્ડિયા ૨૦૧૯માં ભાગ લીધા બાદ હાલ તે મીસ ઈન્ડિયા ઈન્ટરનેશનલની તૈયારી કરી રહી છે. જેનો શો ઈન્ડોનેશિયામાં થશે. જેમાં તે ગુજરાત તરફથી રીપ્રેઝન્ટ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે કેયા વાજા મોડેલીંગની સાથે સાથે એકટીંગ પણ કરે છે. 'પ્યાર મે તેરે' સોંગનું શુટીંગ પૂર્ણ કર્યું છે. જેમાં શ્રેયા ઘોસાલ અને ઉદીત નારાયણે અવાજ આપ્યો છે જે ટૂકિં સમયમાં રીલીઝ થશે. મોડેલીંગમાં આગળ વધવા વિશે કેયા કહે છે કે મારા ફેમીલીનો બહુ જ સપાર્ટ છે.

કેયા વાજાએ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિ જય અમીન સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે મારો જન્મ ભીલોડામાં જ થયો છે અને ૧૨ સાયન્સનો અભ્યાસ પણ ભિલોડા ખાતે પૂર્ણ કરી આગળ બીએસસીનો અભ્યાસ કરવા અમદાવાદ ગઈ હતી અને કોલેજ પુરી કર્યા બાદ બાળપણથી મોડલિંગ ક્ષેત્રે લગાવ હોવાથી મોડલીંગ કરવાની શરૂઆત કરી હતી અને મોડલિંગ ક્ષેત્રે સફળતા મળતા મીસ ઈન્ડીયા ૨૦૧૯માં ભાગ લીધો હતો. જેમાં બે એવોર્ડ પણ પ્રાપ્ત કર્યા છે અને આગામી સમયમાં ઈન્ડોનેશિયા ખાતે યોજાનાર મીસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્પર્ધા-૨૦૧૯માં ગુજરાત રાજ્યને રિપ્રેઝન્ટ કરવા માટે તડામાર તૈયારીઓ હાથ ધરી વિજેતા બનવા નીર્ધાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં ફિલ્મી ક્ષેત્રે હિરોઈન તરીકે લીડ રોલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી મોડલિંગ ક્ષેત્રે તેના પરિવારજનોનો પુરેપુરો સુપોર્ટ કરતા સફળતા મળી હોવાનું જણાવ્યું હતું. કેયાનુ સ્વપ્ન છે કે તે મિસ ઓબિર્ટ વલ્ડ વાઈડ પેજન્ટમાં જવાનુ છે કે જેમાં ૪૦થી ૫૦ દેશની છોકરીઓ સામે ભારતનુ પ્રતિનિધીત્વ કરતી હોય છે.

કેયા વાજાના મોડલિંગ ક્ષેત્રે કરાવેલ ફોટોશૂટ કરાયેલ ફોટો સોશ્યલ મીડિયામાં ધૂમ મચાવી રહ્યા છે.

બોરીયા સીતવાડા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

બોરીયા સીતવાડા સહિત આજુબાજુમાંથી ૭૦૫ દર્દીઓએ લાભ લીધો : ૫૨ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું : ૯૦ દર્દીઓનું મફત મોતીયાનું તથા વેલનુ ઓપરેશન કરી આપવામાં આવશે

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના

પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં બોરીયા સીતવાડા ગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા આવેલ આર્દશ પ્રાથમિક શાળા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં બોરીયા સીતવાડા ગામ સહિત આજુબાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૭૦૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૩૫૨ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું, જયારે ૯૦ મોતીયાના તથા વેલના દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે નેહાબેન ભટ્ટ, આસ્મીનબાનું મારફતીયા, શબાનાબાનુ ધોરી, મહેબુબભાઈ સહિતના લોકોએ સેવાકિય સહયોગ આપ્યો ગતો. બોરીયા સીતવાડા પ્રાથમિક શાળાના આચાર્ય તથા સ્ટાફ તથા ગામના આગેવાનો વડીલો દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

મોડાસામાં રોડ પરથી પસાર થતી મહિલાઓ અસલામત..!!

ચેઇનસ્નેચર ત્રાટકી મહિલાના ગળામાંથી ૨ તોલાનો અછોડો તોડી ફરાર

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રની નિષ્ફળ કામગીરીથી જીલ્લામાં ચેઇનસ્નેચરોનો આતંક અને હિંમત વધી હોય તેમ બેફામ બની રહેણાંક વિસ્તારોમાંથી પસાર થતા રોડ પર મહિલાઓ અસલામત હોય તેવી ઘટના બની હતી. મોડાસાના માલપુર રોડ પર આવેલી કેનરા બેંકની સામે આવેલા ડીપી રોડ પરથી પસાર થતા દંપતી પર સમડીની માફક પલ્સર બાઈક સાથે બે ચેઇનસ્નેચરે ત્રાટકી અછોડા તોડી ફરાર થતા મહિલાઓ હવે રહેણાંક વિસ્તારોમાં પણ સુરક્ષિત ન રહેતા મહિલાઓમાં ફફડાટ ફેલાયો છે.

ગુજરાત રાજયમાં સોનાના દોરાની ચીલઝડપના વ્યાપક પ્રમાણમાં બની રહેલા બનાવો અટકાવવા સાથે મહિલાઓની સુરક્ષા સંદર્ભમાં રાજય સરકાર દ્વારા ચેઈન સ્નેચિંગ કરનારને ૫ થી ૧૦ વર્ષ સુધીની સખત કેદની સજા તેમજ રૂપિયા ૨૫ હજારનો દંડ કરવામાં સાથે રાજય સરકારે આ બાબતે વટહુકમ બહાર પાડવા કરેલા નિર્ણય અંગે ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ થોડા સમય અગાઉ જણાવ્યું હતું કાયદાની જોગવાઈ મોટા ઉપાડે થાય છે પણ અમલવારી કરાવવા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર ઉણુ ઉતારતા ચેઈનસ્નેચરો માટે ખુલ્લું મેદાન હોય તેમ ચેઈનસ્નેચીંગ કરી સમડીની માફક ઉડી જતા હોવાથી જીલ્લાના પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં ચેઈનસ્નેચર અને પોલીસતંત્ર વચ્ચે સંતાકૂકડી રમાતી હોય તેવો ઘાટ સર્જાયો છે. ચેઈનસ્નેચીંગની ઘટના જાહેર રસ્તાઓ, ભીડભાળવાળી જગ્યાઓ અને મંદિરની આજુબાજુ વધુ બનતી હોય છે.

● અનુસંધાન પાના - ૭ પર